ANUPRAJNA
National E-Journal (An Open Acess Multidisciplinary Multilingual Peer Reviewed and Referred Journal

# મહેસાણા તાલુકાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓની જિજ્ઞાસવૃત્તિનો અભ્યાસ

ડૉ. ડી. એમ. ચૌધરી
*પ્રોફેસર, એસ. વી. એસ. બી. એમ. એડ. કોલેજ : મહેસાણા*

**Paper Received on:** 22/09/2021
**Paper Accepted on:** 18/10/2021

## ૧. પ્રસ્તાવના :

મનુષ્ય એક જિજ્ઞાસુ પ્રાણી છે. મનુષ્યને તેની આસપાસ બની રહેલી ઘટનાઓ અને વસ્તુઓ જોઈને તેના વિશે વિશેષ જાણવાની ઝંખના કે ઉત્કંઠા જાગે છે. જેને આપણે સામાન્ય રીતે 'જિજ્ઞાસા' કહીએ છીએ.

જિજ્ઞાસા મનુષ્યની જન્મજાત શક્તિ છે અને તે જન્મથી મૃત્યુ સુધી તેની સાથે રહે છે. આ સંસારનો દરેક મનુષ્ય જિજ્ઞાસુ હોય છે. મનુષ્ય પોતાની જિજ્ઞાસા, સર્જનશીલતા અને ચિંતન દ્વારા આ બ્રહ્માંડ પર પક્ષીની માફક ઉડી શક્યો છે. જિજ્ઞાસા એ એવો ગુણ છે કે જેના દ્વારા વ્યક્તિ કોઈપણ ચીજને વધારે જાણવા માટેની ચાહત રાખે છે.

શિક્ષણ અને જિજ્ઞાસા વચ્ચે ગાઢ સંબંધ છે. આપણે જાણીએ છીએ કે શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ મનુષ્યનો સર્વાંગી વિકાસ કરવાનો છે. વિદ્યાર્થી જેટલો જિજ્ઞાસુ હશે તેટલો જ અભ્યાસ પ્રત્યે વધારે રસ ધરાવતો હશે. શિક્ષણનો એક અર્થ શીખવું અને શીખવવું પણ છે. જો વિદ્યાર્થી શીખવા માટે ઉત્સુક હશે, કંઈક જાણવા માટે જિજ્ઞાસુ હશે તો શિક્ષક વધારે ઝડપથી તેને શીખવી શકશે. જ્ઞાનની ખોજ કરવી એ અભિલાષા છે. પછી તે દર્શનશાસ્ત્રમાંથી હોય કે કલા સંસ્કૃતિમાંથી હોય. દરેક ક્ષેત્રમાં અભિલાષાનું ઘણું જ મહત્ત્વ છે. અભિલાષાને કારણે આજે આપણે વિજ્ઞાનની ઊંચી ઉમારતો ઉપર ઉભા છીએ. જિજ્ઞાશા જ બધા જ્ઞાનની જનની છે.

જિજ્ઞાસા માનસિક વિકાસ માટે ખૂબ જરૂરી છે. જિજ્ઞાસા દ્વારા વ્યક્તિની કલ્પનાશક્તિ અને ભાવનાઓનો વિકાસ થાય છે. પ્રારંભમાં વાદળ, વિજળી, ચંદ્ર, સુરજ, પહાડ, સમુદ્ર, અગ્નિ, પવન, દુષ્કાળ વગેરે મનુષ્ય માટે વિસ્મય અને રહસ્યના વિષયો રહ્યા છે. જેટલો વધારે તે વિશ્વના રહસ્યોને ઉઘાડતો ગયો તેટલી ઝંખના વધતી ગઈ. આપણે કોણ છીએ ? વિશ્વ શું છે ? વિશ્વમાં જે કંઈ ઘટના બને છે તે કેમ બને છે ? વગેરે પ્રશ્નોના ઉત્તરો મેળવવા માટે મનુષ્યે ભુતકાળમાં પણ પ્રયત્નો કર્યા છે. ટૂંકમાં આવા પ્રશ્નોના ઉત્તર મેળવવા માટેનો સીલસીલો આજે પણ સમાપ્ત થયો નથી. સર ફ્રાન્સિસ ગાલ્ટન અને જહોન ડયૂઈએ કહ્યું છે કે વૈજ્ઞાનિક પ્રવૃત્તિ કરવા માટે જિજ્ઞાસા હોવી જરૂરી છે. જિજ્ઞાસાની પૂર્તિ ત્યારે જ થઈ શકે છે જ્યારે ઈચ્છા હોય અને સાથે શક્તિ પણ હોય.

**૨.સમસ્યા :**

મહેસાણા તાલુકાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓની જિજ્ઞાસવૃત્તિનો અભ્યાસ

**૩.અભ્યાસનું મહત્ત્વ :**

સંશોધનનો આ વિષય એક મહત્ત્વપૂર્ણ પગથિયું સાબિત થશે. વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિના પરીક્ષણથી એ ચકાસી શકાશે કે એક વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થી કરતાં કેટલો જિજ્ઞાસું છે. તેની જિજ્ઞાસાવૃત્તિ પર વાતાવરણ કે વિસ્તાર અસર કરે છે કે નહિ. વિદ્યાર્થી નવું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે કેટલો જિજ્ઞાસું છે. તેનો અંદાજ મેળવી શકાય છે. જિજ્ઞાસા સાથે તર્કશક્તિ, ચિંતનશક્તિ, કલ્પનાશક્તિ, સંકળાયેલી હોવાથી તેમની અંદર આ શક્તિઓનો કેટલા પ્રમાણમાં વિકાસ થયેલો છે. તેનો તાગ મેળવી શકાશે. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની જિજ્ઞાસાવૃત્તિમાં સમાનતા છે કે ભેદ છે તે પણ જાણી શકાશે. વિદ્યાર્થી પોતાના

કુટુંબ, સમાજ, વર્ગખંડ, શાળા અને આસપાસની પ્રકૃતિ વિશેની જાણકારી મેળવવા માટે કેટલો અધીરો છે તે જાણી શકાશે.

**૪. હેતુ અને પદોની સમજ :**

**હેતુઓ :**

- ધોરણ-૮ ના વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- ધોરણ-૮ ના કુમારો અને કન્યાઓની જિજ્ઞાસાવૃત્તિનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- ધોરણ-૮ ના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિનો તુલનાત્મક અભ્યાસ કરવો.

**પદોની સમજ :**

ધોરણ-૮ :

ગુજરાત રાજ્ય ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમની તરેહ મુજબ ધોરણ-૬, ૭ અને ૮ સુધીનો અભ્યાસક્રમ, જેમાં +૧૩ની વયના બાળકો અભ્યાસ કરે છે તે ધોરણ-૮.

જિજ્ઞાસાવૃત્તિ :

'કંઈપણ જાણવાની ઈચ્છા, જિજ્ઞાસાવૃત્તિએ એક કુદરતી વલણ છે. તે વૃત્તિને સંતોષવાની ક્રિયામાં જ્ઞાનપ્રાપ્તિની ક્રિયા થયા જ કરે છે.'

અભ્યાસ :

'અભ્યાસ એટલે ભણતર, પઠન, અનુભવ કરવો, ધ્યાનમાં લેવું, વિચાર કરવો.' અહીં અભ્યાસનો અર્થ જિજ્ઞાસાવૃત્તિ વિશેની માહિતીનું સંપાદન એવો થાય છે.

**૫. અભ્યાસની ઉત્કલ્પનાઓ :**

૧ ધોરણ-૮ ના કુમારો અને કન્યાઓના જિજ્ઞાસાવૃત્તિ માપદંડના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨ ધોરણ-૮ ના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ માપદંડના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

ચલ :

સ્વતંત્ર ચલ :

જાતિ → કક્ષા-૧ કુમારો
જાતિ → કક્ષા-૨ કન્યાઓ

વિસ્તાર → કક્ષા-૧ શહેરી
વિસ્તાર → કક્ષા-૨ ગ્રામ્ય

પરતંત્ર ચલ : જિજ્ઞાસાવૃત્તિ

અંકુશિત ચલ : ગુજરાતી માધ્યમિક શાળા, ધોરણ-૮

**૬. નમૂનાની વિગત :**

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ-૮ ના વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિનો અભ્યાસ કરવાનો હોવાથી સંશોધકે નમૂનાની પસંદગી માટે મહેસાણા તાલુકો પંસદ કર્યો હતો. જેમાં તાલુકાની પસંદગી સહેતુક રીતે કરવામાં આવી તથા તાલુકાની બે શાળાઓ પૈકી એક શહેરી અને બીજી ગ્રામ્યની પસંદગી સ્તરીકૃત યાદચ્છિક રીતે કરવામાં આવી તથા વિદ્યાર્થીઓની પસંદગી ઝૂમખા નમૂના પસંદગીથી કરવામાં આવી. પ્રસ્તુત અભ્યાસમાં લીધેલ બે શાળાઓની વિગત નીચે સારણીમાં દર્શાવેલ છે.

સારણી-૧

| ક્રમ | શાળાનું નામ | જાતિ | | વિસ્તાર | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | શહેરી | ગ્રામ્ય | |
| ૧ | સરસ્વતી વિદ્યાવિહાર, મહેસાણા | ૨૫ | ૨૫ | ૫૦ | - | ૫૦ |
| ૨ | દેદીયાસણ પ્રાથમિક કુમાર શાળા, દેદીયાસણ | ૨૫ | ૨૫ | - | ૫૦ | ૫૦ |
| | કુલ | ૫૦ | ૫૦ | | | ૧૦૦ |

**૭. ઉપકરણની વિગત :**

ડૉ. રાજીવકુમાર રચિત કસોટીમાં હકારાત્મક અને નકારાત્મક કુલ ૪૪ વિધાનો આપેલાં છે. વિધાન નં. ૧ થી ૪, ૬ થી ૧૧, ૧૩ થી ૨૨, ૨૪ થી ૩૨ તથા ૩૪ થી ૪૪ ધનાત્મક છે. જ્યારે વિધાન નંબર ૫, ૧૨, ૨૩ અને ૩૩ ઋણાત્મક છે.

**૮.ઉત્કલ્પનાની ચકાસણી :**

૧ ધોરણ-૮ ના કુમારો અને કન્યાઓના જિજ્ઞાસાવૃત્તિ માપદંડના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

સારણી-૨

ધોરણ-૮ ના કુમારો અને કન્યાઓએ CCS માં મેળવેલ પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ

| પ્રાપ્તાંક વર્ગ | કુમારોની આવૃત્તિ | કન્યાઓની આવૃત્તિ |
|---|---|---|
| ૬૧-૬૪ | ૬ | ૫ |
| ૬૫-૬૯ | ૪ | ૯ |
| ૭૦-૭૪ | ૧ | ૭ |
| ૭૫-૭૯ | ૯ | ૧૨ |

| પ્રાપ્તાંક વર્ગ | કુમારોની આવૃત્તિ | કન્યાઓની આવૃત્તિ |
|---|---|---|
| ૮૦-૮૪ | ૧૦ | ૬ |
| ૮૫-૮૯ | ૬ | ૧ |
| ૯૦-૯૪ | ૨ | ૩ |
| ૯૫-૯૯ | ૫ | ૪ |
| ૧૦૦-૧૦૪ | ૨ | ૨ |
| ૧૦૫-૧૦૯ | ૩ | ૧ |
| ૧૧૦-૧૧૪ | ૨ | ૦ |
| વિદ્યાર્થીઓની સંખ્યા | ૫૦ | ૫૦ |

**સારણી ૩**

**ધોરણ-૮ ના કુમારો અને કન્યાઓએ માં મેળવેલ પ્રાપ્તાંકોના**

**M, SD, SED અને CR ના પરિણામો**

| જાતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | પ્રમાણભૂલ | ક્રાંતિક ગુણોત્તર | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| કુમાર | ૨૫ | ૮૪.૦૮ | ૨.૯૩ | ૨.૯૩ | ૨.૦૩૪ | ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત છે. |
| કન્યા | ૨૫ | ૪૮.૪ | ૦.૭૫ | | | |

સારણીનું અવલોકન કરતાં જણાય છે કે ધોરણ-૮ ના કુમારો અને કન્યાઓએ **CCS** માં મેળવેલ પ્રાપ્તાંકોનો મધ્યક અનુક્રમ ૮૪.૦૮ અને ૭૨.૧૨ છે. જ્યારે પ્રમાણ વિચલન અનુક્રમે ૨.૯૩ અને ૧૪.૪ છે. બંને જૂથોનો ક્રાંતિક ગુણોત્તર ૨.૦૩૪ છે. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક છે.

**અર્થઘટન :**

પ્રાપ્ત થયેલ ક્રાંતિક ગુણોત્તર ૨.૦૩૪ છે. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક છે. તેથી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. તેથી કહી શકાય કે ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ **CCS** માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત છે.

૨ ધોરણ-૮ ના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ માપદંડના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સારણી-૨**

**ધોરણ-૮ ના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓએ CCS માં મેળવેલ પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ**

| પ્રાપ્તાંક વર્ગ | શહેરીની આવૃત્તિ | ગ્રામ્યની આવૃત્તિ |
|---|---|---|
| ૬૧-૬૪ | ૫ | ૬ |
| ૬૫-૬૯ | ૮ | ૫ |
| ૭૦-૭૪ | ૩ | ૫ |
| ૭૫-૭૯ | ૧૨ | ૯ |
| ૮૦-૮૪ | ૭ | ૯ |
| ૮૫-૮૯ | ૨ | ૫ |
| ૯૦-૯૪ | ૩ | ૨ |
| ૯૫-૯૯ | ૬ | ૩ |
| ૧૦૦-૧૦૪ | ૩ | ૧ |
| ૧૦૫-૧૦૯ | ૧ | ૩ |
| ૧૧૦-૧૧૪ | ૦ | ૨ |
| વિદ્યાર્થીઓની સંખ્યા | ૫૦ | ૫૦ |

## સારણી ૩

### ધોરણ-૮ ના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓએ ઝઝજી માં મેળવેલ પ્રાપ્તાંકોના M, SD, SED અને CR ના પરિણામો

| વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | પ્રમાણભૂલ | ક્રાંતિક ગુણોત્તર | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| શહેરી | ૨૫ | ૮૩.૭૨ | ૧૦.૮૬ | ૪.૫૬૫ | ૦.૩૮૫ | ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત નથી |
| ગ્રામ્ય | ૨૫ | ૮૧.૯૬ | ૨૦.૦૮ | | | |

ઉપરની સારણીનું અવલોકન કરતાં જણાય છે કે ધોરણ-૮ ના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓએ **CCS** માં મેળવેલ પ્રાપ્તાંકોના મધ્યક અનુક્રમે ૮૩.૭૨ અને ૮૧.૯૬ છે. જ્યારે પ્રમાણ વિચલન અનુક્રમે ૧૦.૮૬ અને ૨૦.૦૮ છે. બંને જૂથોનો ક્રાંતિક ગુણોત્તર ૦.૩૮૫ છે. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી.

**અર્થઘટન :**

પ્રાપ્ત થયેલ ક્રાંતિક ગુણોત્તર ૦.૩૮૫ છે. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી. તેથી ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો નથી. તેથી કહી શકાય કે ધોરણ-૮ શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓએ **CCS** માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નથી. અહીં જે તફાવત જોવા મળેલ છે તે આકસ્મિક છે.

**૯. તારણો :**

૧. ધોરણ-૮ ના કુમારોની જિજ્ઞાસાવૃત્તિ કન્યાઓની જિજ્ઞાસાવૃત્તિ કરતાં ચઢિયાતી સાબિત થઈ છે.

૨. ધોરણ-૮ ના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ સમાન છે.

**૧૦. ઉપસંહાર :**

પ્રસ્તુત અભ્યાસનો ટૂંકસાર ઉપરાંત મળેલ માહિતીના આધારે વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ જાણી શકાશે અને તે પોતાની આસપાસની પ્રકૃતિ અને વ્યક્તિઓ વિશે જાણવા કેટલો આતુર છે તે જાણી શકાશે.

**૧૧. સંદર્ભસૂચિ**

૧. ત્રિવેદી, મ. દ. અને પારેખ, ભ. ઉ. (૧૯૯૫), શિક્ષણમાં આંકડાશાસ્ત્ર. (તૃતીય આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૨. ઉચાટ, ડી. એ. (૨૦૧૦). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.